*Shree Ahmedabad Jain Swetamber Murtipujak Visha Shrimali Shravak Gnyati*

**શ્રી અમદાવાદ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વીશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિ**

જૈન વાડી, હાજા પટેલની પોળ, કાલુપુર, અમદાવાદ-૧ Ph: 25355957 www.vishashrimalignati.org
૧૦૧, એમ્બીયન્સ આર્કેડ, ફતેહપુરા પોસ્ટ ઓફિસ સામે, પાલડી, અમદાવાદ-૭ M.7778055957

નં. 90 તા. / /૨૦

॥ શ્રી મહાલક્ષ્મી માતાય નમઃ ॥

નોટિસ

સુજ્ઞ જ્ઞાતિજનો,

શ્રી અમદાવાદ જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક વિશા શ્રીમાળી શ્રાવક જ્ઞાતિ (મોટી જ્ઞાતિ) ની સાધારણ સભા સંવત ૨૦૮૨, માગશર સુદ ૧૦ને રવિવાર તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨.૩૦ કલાકે ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે નીચેના કાર્યો સારું મળશે.

**એજન્ડા**

૧. નવકાર મહામંત્રનું સ્મરણ

૨. કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાનું સ્મરણ

૩. તા. ૩૦ માર્ચ, ૨૦૨૫ ના રોજ મળેલ સાધારણ સભા ની મીનીટ્સ નું વાંચન અને તેને બહાલી આપવી.

૪. વ્યયસ્થાપક કમિટીએ જ્ઞાતિ અને ધર્માદા ટ્રસ્ટ ના વર્ષ ૨૦૨૪-૨૫ ના ઑડીટરે ઓડિટ કરેલા ઉપજ-ખર્ચ ના હિસાબો તથા તા. ૩૧-૦૩-૨૦૨૫ ના રોજ નું ઓડિટ કરેલું સરવૈયું મંજુર કરેલ છે; તેને બહાલી આપવા સારું.

૫. વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષ માટે વ્યવસ્થાપક કમિટીએ મે. હેમંત એન. શાહ ની ઓડિટર તરીકે તથા શ્રી સત્યમભાઇ ત્રિવેદીની ઇન્ટરનલ ઓડિટર તરીકે નિમણુંક કરેલ છે અને તેઓનું મહેનતાણું નક્કી કરેલ છે; તેને બહાલી આપવા સારું.

૬. શેઠ શ્રીની મંજુરીથી જે કાંઈ કાર્ય રજુ કરવામાં આવે તે બાબતે ચર્ચા-વિચારણા કરી યોગ્ય કરવા બાબતે.

(ઉમેશ રજનીકાન્ત શાહ)

તા. ૦૬-૧૧-૨૦૨૫

માનદ મંત્રી

નોંધ:

૧. બંધારણ ની કલમ - ૫૯ અનુસાર મિટિંગ માં કોરમ પૂરતી હાજરી નહિ થાય તો અર્ધા કલાક પછી નોન-કોરમ મિટિંગ જાહેર કરી તેજ સ્થળે સામાન્ય સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે.

૨. ઑડિટેડ એકાઉન્ટ્સ અને સરવૈયાની નકલો જ્ઞાતિની વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યાં છે. ઠરાવ મુજબ પર્યાવરણની જાળવણી માટે વાર્ષિક રિપોર્ટ સહીત અન્ય પરિપત્રોની પ્રિન્ટેડ કોપીઓ મોકલવાની પ્રથા બંધ કરી છે. આથી લાણાદાર સભ્ય ભાઈ-બહેનો જ્ઞાતિની વેબસાઈટ પરથી જરૂરી રિપોર્ટ/ડોકયુમેન્ટ્સ ની નકલો જોઈ શકશે તથા પ્રિન્ટ લઇ શકશે.

3. કોઈ પણ લાણાદાર સભ્યને ઉપરોક્ત વર્ષના હિસાબો સંબંધી કોઈપણ વિશેષ માહિતી જોઈતી હોય, તો તેમણે જ્ઞાતિને લેખિતમાં તા. ૨૨-૧૧-૨૦૨૫ સુધીમાં તેમની અરજી આપવાની રહેશે - જે મળ્યેથી સદર માહિતી તા. 30-૧૧-૨૦૨૫ના રોજ ની મિટિંગ માં આપવામાં આવશે.

૪. સદર મિટિંગમાં તેજસ્વી વિદ્યાર્થીઓના બહુમાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તેની નોંધ લેવાં વિનંતી છે.

૫. જ્ઞાતિ સંલગ્ન અન્ય ટ્રસ્ટો જેવાં કે મેડિકલ અને કેળવણી ટ્રસ્ટના માનવંતા ડોનોર્સ ને પણ સદર સભામાં પધારવા સાદર વિનંતી છે.

૬. મિટિંગ ના જ દિવસે સાંઝે ૭ વાગ્યે જાણીતા પ્રોફેશનલ ઓરકેસ્ટ્રા મ્યુઝિક પાર્ટી ના સાનિધ્યમાં નીવડેલ કલાકારો દ્વારા મનપસંદ ગીતોનો પ્રોગ્રામ રાખેલ છે, જેના પાસ ટોકન કિંમતે આપવામાં આવશે. લાણાદાર સભ્યોની સગવડ માટે મ્યુઝિકલ પ્રોગ્રામ પહેલાં ટોકન કિંમતે સુરુચિ ભોજનની પણ વ્યવસ્થા (ચૌવિહાર ભોજન ની વ્યવસ્થા સાથે) કરેલ છે. આની વિશેષ જાણ ટૂંક જ સમયમાં વોટસએપ દ્વારા કરવામાં આવશે.